# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-02-2026** **Morning : 7.10 to 7.20 AM**

**Day : Friday** **Morning News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1) **કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આવતીકાલથી બે દિવસ અમદાવાદની મુલાકાતે**
2) **આજે વિશ્વ રેડિયો દિવસ - સમગ્ર વિશ્વમાં "રેડિયો અને કૃત્રિમ બુદ્ધિમત્તા"ની વિષયવસ્તુ સાથે ઉજવણી કરાશે**
3) **અમદાવાદમાં એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સના કાર્યાલયનું ઉદ્ઘાટન**
4) **અમરેલી શહેરમાં એક વેનમાં બ્લાસ્ટ થતાં ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા**
5) **T20 પુરુષ ક્રિકેટ વિશ્વ કપની મેચમાં ભારતે નામિબિયાને 93 રનથી હરાવ્યું**

---

(આકાશવાણી અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયાં)

(હવે પછી આપ સાત વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....)

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલ 14 ફેબ્રુઆરી અને 15 ફેબ્રુઆરી એમ 2 દિવસ માટે અમદાવાદની મુલાકાતે આવશે. તેઓ આ મુલાકાત દરમિયાન વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. આ મુલાકાતને ધ્યાને રાખીને પોલીસ કમિશનર જી.એસ.મલિક દ્વારા "નો ડ્રોન ફ્લાય ઝોન"અંગેનું જાહેરનામું બહાર પડવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . .

# WORLD RADIO DAY

**સમગ્ર વિશ્વમાં આજે 13 ફેબ્રુઆરીએ "રેડિયો અને કૃત્રિમ બુદ્ધિમત્તા "ની વિષયવસ્તુ સાથે વિશ્વ રેડિયો દિવસની ઉજવણી કરાશે. વિચારોને વાચા આપનારું રેડિયો માત્ર સંચારનું સાધન જ નહીં, પરંતુ વિશ્વાસ, જોડાણ અને પ્રેરણાનો અવાજ છે.**

(VOICECAST: PRAVESH ADIACHA)

*(.... ભારત સહિત વિશ્વભરમાં આજે ઉજવવામાં આવનારો વિશ્વ રેડિયો દિવસ રેડિયો પ્રસારણકર્તાઓને સમર્પિત છે. જે સમાચારોનો પ્રસાર કરે છે , વિચારોને વાચા આપે છે અને રસપ્રદ કથાઓ પિરસે છે. ડિજિટલ યુગમાં આધુનિક માધ્યમો વચ્ચે પણ રેડિયોએ પોતાનું મહત્વ જાળવી રાખ્યું છે. જ્યાં સંચારના માધ્યમ ઉપલબ્ધ ન થઈ શકે ત્યાં રેડિયોએ મિત્રની ભૂમિકા ભજવી છે. સમાચાર હોય કે , રમતની કૉમેન્ટ્રી, ગીત હોય કે ભજન , આપત્તિનો સમય હોય કે ઉત્સવનો ઉત્સાહ હોય, રેડિયોએ દેશ અને વિશ્વને જોડ્યા છે. અને અવિસ્મરણીય ક્ષણનો રેડિયો સાક્ષી પણ રહ્યો છે. દેશનું જાહેર સેવા પ્રસારક આકાશવાણી આજે ભાષાઓની વૈવિધ્યતા અને સામાજિક-આર્થિક તથા સાંસ્કૃતિક વૈવિધ્યતાના પરિપ્રેક્ષ્યથી વિશ્વની સૌથી મોટી પ્રસારણ સંસ્થાઓમાંથી એક છે. સમગ્ર દેશમાં હાલ આકાશવાણીના 479 પ્રસારણ કેન્દ્ર કાર્યરત્ છે, જે દેશની અંદાજે 92 ટકા વિસ્તારને આવરી લે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ પહેલી વાર જન-જન સુધી સંવાદ સાધવા ઑક્ટોબર , 2014થી 'મન કી બાત ' કાર્યક્રમ માટે રેડિયોનું માધ્યમ પસંદ કર્યું હતું.*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.*

. . . . . . . . . . . . .

# GOVERNOR – CHOTILA

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના ચાણપા ખાતે 'ગ્રામ કલ્યાણ કાર્યક્રમ ' યોજાયો હતો. જે અંતર્ગત 'સેવા સેતુ' કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે રાજ્યપાલે ખેડૂતો સાથે સીધો સંવાદ સાધી પ્રાકૃતિક ખેતીના મહત્વ પર વિશેષ ભાર મૂકતાં જણાવ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સમગ્ર ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીને જન આંદોલન બનાવવાનું અભિયાન વેગવંતું બન્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના ખેડૂતો અને નાગરિકોને ઝેરમુક્ત આહાર પૂરો પાડી સ્વસ્થ રાખવાનો છે. રાસાયણિક ખેતીને કારણે બંજર થઈ રહેલી જમીનને પુનઃ જીવિત કરવા અને ભૂગર્ભ જળના સ્તર બચાવવા માટે હવે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર વિકલ્પ છે.

રાજ્યપાલે ચાણપા ગામની મુલાકાત દરમિયાન સામાજિક સમરસતાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પડતાં આ ગામના એક સામાન્ય નાગરિકના નિવાસસ્થાને જમીન પર બેસીને અત્યંત સાદગીપૂર્ણ અને ભાવપૂર્વક ભોજન કર્યું હતું. તેમણે ધીરુભાઈ વાઘેલાના પરિવારના સભ્યો સાથે આત્મીય સંવાદ કર્યો હતો. તેમણે પરિવારના સભ્યોના ખબર-અંતર પૂછયા હતા. પિતૃતુલ્ય વાત્સલ્ય સાથે તેમણે બાળકો સાથે વિશેષ સમય વિતાવ્યો હતો.

આ પ્રસંગે શ્રી વાઘેલાના પરિવારે રાજ્યપાલને ભારતનું સંવિધાન પુસ્તક અને શાલ અર્પણ કરી સન્માનિત કર્યા હતા. શ્રી દેવવ્રતે ઉપસ્થિત સૌને જીવનમાં વ્યસનનો ત્યાગ કરવા અને માતા-પિતાની આજ્ઞાનું પાલન કરી કુળનું ગૌરવ વધારવા જણાવ્યું હતું.

. . . . . . . . . . . . .

# ANTI-NARCOTICS TASK FORCE – OFFICE

રાજ્યમાં એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સના છ ઝોન બનાવવામાં આવ્યા , અમદાવાદમાં રાજ્યના પોલીસ વડા ડૉ કે એલ એન રાવ અને અમદાવાદ પોલીસ કમિશનરે સંયુક્ત રીતે નવી ઓફિસનું ઉદ્ઘાટન કર્યું. આ અંગે CID ક્રાઇમના પોલીસ અધિક્ષક લોકેશ યાદવે વધુ માહિતી આપી

(બાઇટ - લોકેશ યાદવ - એસપી સીઆઈડી ક્રાઈમ)

. . . . . . . . . . . . .

# AMRELI - FIRE

અમરેલી શહેરના જેસિંગપરા વિસ્તારમાં એક વેનમાં બ્લાસ્ટ થતાં આગ લાગવાની ઘટના બની. આ ઘટનામાં ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હતા જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. વેનમાં ફ્યુઅલ ટેન્ક સાથે ગેસનો બાટલો ફાટવાને કારણે આ બ્લાસ્ટ થયો હતો. આ ઘટનાની જાણ થતાં ફાયર ટીમે ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.....................................

# AMRUT 2.0 YOJANA

રાજ્યમાં કાયાકલ્પ અને શહેરી પરિવર્તન માટે અટલ મિશન એટલે કે અમૃત યોજનાના બીજા તબક્કા હેઠળ શહેરી સ્થાનિક સંસ્થાઓમાં 117 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે 131 બગીચા વિકસિત કરવાનો લક્ષ્યાંક છે. તેમાંથી 70 બગીચાનું કામ પૂર્ણ થયું છે. જ્યારે 61 બગીચાને વિકસિત કરવાનું કામ પ્રગતિમાં હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

દેશના શહેરોને જળ સુરક્ષિત અને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશથી પહેલી ઑક્ટોબર 2021ના રોજ અમૃત યોજનાના બીજા તબક્કાનો પ્રારંભ કરાયો હતો. ઉદ્યાનો, બગીચાઓ અને ખૂલ્લી જગ્યાઓના વિકાસ થકી શહેરી હવાની ગુણવત્તા સુધારવાનો અને હરિત આવરણને વિસ્તૃત કરવાના ઉદ્દેશ સાથે આ યોજના શરૂ કરવામાં આવી છે. સાથે જ આ મિશન શહેરી વિસ્તારોની સુવિધામાં વધારો કરવા સારી રીતે જાળવણી કરાયેલી ગ્રીન સ્પેસ એટલે કે , હરિત સ્થળ અને ઉદ્યાનોના વિકાસ પર ભાર મૂકે છે. રાજ્યની લાઠી નગરપાલિકામાં વિકસાવાયેલો ભવાની બગીચો તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. તેને પુનઃવિકસિત કરીને નંદનવન જેવો વિશાળ હરિયાળો બગીચો તૈયાર કરાયો છે.

. . . . . . . . . . . . .

# MORBI – PROPERTY TAX

મોરબીમાં મિલકત વેરો ન ભરનારાઓની મિલકત ટાંચમાં લેવાઈ છે. મહાનગરપાલિકાના કમિશનર સ્વપ્નિલ ખરેએ કહ્યું , ગયા વર્ષે વેરાની ઉઘરાણી માટે નોટિસ અપાઈ જેમાંથી 37 લોકોએ વેરો ન ભરતા તેમની મિલકત ટાંચમાં લેવાઈ છે.

**(BYTE: SWAPNIL KHARE, MUNICIPAL COMMISSIONER, MMC)**

. . . . . . . . . . . . .

# T-20 WORLD CUP

T20 પુરુષ ક્રિકેટ વર્લ્ડ કપની મેચમાં ભારતે નામિબિયાને 93 રનથી હરાવ્યું. T20 વર્લ્ડ કપમાં રન માર્જિનથી ભારતનો આ સૌથી મોટો વિજય છે. ભારતે 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવી 209 રન બનાવ્યા હતા. જવાબમાં, નામિબિયા 10 બોલ બાકી રહેતા 116 રનમાં ઓલઆઉટ થયું.

ઈશાન કિશને 24 બોલમાં 61 રનની રમત રમી, જ્યારે હાર્દિક પંડ્યાએ પણ ઝડપી 52 રન બનાવ્યા હતા. હાર્દિક પંડ્યાને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

બોલિંગમાં વરુણ ચક્રવર્તીએ 3, જ્યારે અક્ષર પટેલ અને હાર્દિક પંડ્યાએ 2-2 વિકેટ ઝડપી.

ટુર્નામેન્ટની બીજી મેચમાં શ્રીલંકાએ ઓમાનને 105 રનથી, જ્યારે ઇટાલીએ નેપાળને 10 વિકેટથી હરાવ્યું.

. . . . . . . . . . . . .

# SURAT - TEXTILE

કેન્દ્ર સરકારના વસ્ત્ર મંત્રાલય દ્વારા 'ટેક્સટાઈલ એક્સપોર્ટ ફેસિલિટેશન સેન્ટર' માટે દેશના છ શહેરોમાંથી સુરતની પસંદગી કરવામાં આવી છે. દેશના છ મુખ્ય ટેક્સટાઇલ ક્લસ્ટરની પસંદગીમાં સ્થાન પામતાં સુરત 'ટેકનિકલ ટેક્સટાઇલ્સ' અને 'મેન-મેડ ફાઇબર આર્ટિકલ્સ ' માટેનું હબ બનશે જે સુરતના કાપડ ઉદ્યોગને આંતરરાષ્ટ્રીય બજારમાં નવી ઓળખ અપાવશે. એક છત નીચે સેન્ટર કાર્યરત થવાથી સુરતના અર્થતંત્રને નવી ગતિ મળશે અને લાખો લોકો માટે રોજગારીની નવી તકો ઉભરશે.

ઉલ્લેખનીય છે કે, હાલમાં સુરતમાં દરરોજ અંદાજે 6 કરોડ મીટર ફેબ્રિક્સનું ઉત્પાદન થાય છે. ફેસિલિટેશન સેન્ટર અને એક્સપોર્ટની સુવિધાઓ મળતા આગામી પાંચ વર્ષમાં આ ઉત્પાદન વધીને 10 થી 12 કરોડ મીટર થવાનો અંદાજ છે જે સુરતના વિવિંગ ઉદ્યોગને નવી ઊંચાઈ પર લઈ જશે.

. . . . . . . . . . . . .

# PORBANDAR - ANGANWADI

પોરબંદર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોના બિલ્ડીંગના નવીનીકરણ અભિયાનનો પ્રારંભ કરાયો છે. જે અંતર્ગત જિલ્લામાં 336 આંગણવાડી કેન્દ્રોમાં નવીનીકરણની કામગીરી પૂર્ણતાને આરે છે.આ કેન્દ્રોમાં રંગરોગાન , ચિત્રાંકન, સ્વચ્છતા સુવિધાઓમાં સુધારો તેમજ બાળમિત્ર વાતાવરણ ઊભું કરવાની કામગીરી કરવામાં આવી છે.

આ અભિયાન અંતર્ગત નાનાં સમારકામ માટે 8 હજાર 500 અને મોટાં સમારકામ માટે 2 લાખની રકમ ફાળવવામાં આવી છે. ઉપરાંત સંસદસભ્યોના ગ્રાન્ટનો ઉપયોગ કરીને કેન્દ્રોને વધુ આધુનિક બનાવવાની દિશામાં પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

. . . . . . . . . . . . .

# BOARD EXAM

ભાવનગરમાં ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષાના આયોજન અંગે જિલ્લા કલેકટર ડૉ. મનીષ કુમાર બંસલના અધ્યક્ષસ્થાને જિલ્લા પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ. આ બેઠકમાં કેબિનેટ શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને શિક્ષણ રાજ્યમંત્રી રીવાબા જાડેજા વર્ચ્યુઅલ મધ્યમથી જોડાયા હતા. આ બેઠકમાં પરીક્ષા કેન્દ્રો પર પીવાના પાણી સહિતની સુવિધાઓ , પરીક્ષાર્થીઓને પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચવામાં સરળતા રહે તે માટે વધારાની બસો ફાળવવા સાથે પરીક્ષાની પૂર્વ તૈયારીઓ અંગે ચર્ચા કરવામાં આવી.

ઉલ્લેખનીય છે કે , ભાવનગર જિલ્લામાં ધોરણ- 10 અને 12 ની બોર્ડની પરીક્ષાઓમાં 2 હજાર 197 બ્લોકમાં 62 હજાર 510 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ધો.10 માટે 132 બિલ્ડીંગ, 1254 બ્લોકમાં પરીક્ષા યોજાશે. જ્યારે ધો- 12 (વિજ્ઞાન પ્રવાહ) માટે 31 બિલ્ડીંગ, 319 બ્લોક અને ધો- 12 (સામાન્ય પ્રવાહ) માટે 69 બિલ્ડીંગ, 624 બ્લોકમાં પરીક્ષા યોજાશે. તમામ પર CCTV કેમેરાની બાજ નજર રહેશે.

. . . . . . . . . . . . .